GJVD200006182017

દાખલ તારીખ : ૧૫–૦૬–૨૦૧૭
રજીસ્ટ્રેશન તારીખ : ૧૫–૦૬–૨૦૧૭
ફેસલ તારીખ : ૧૪–૧૦–૨૦૨૩
સમય ગાળો : વર્ષ–માસ–દિવસ
૦૬–૦૩–૨૯

Ex:

## FORM - A

### IN THE COURT OF ADDITIONAL DISTRICT AND SESSIONS JUDGE, VADODARA at SAVLI

## Before Mr. J. A. Thakkar

### SESSIONS CASE No. 10-2017

**Details of F. I.R /Crime and Police Station.**

| | |
|---|---|
| POLICE STATION | WAGHODIA POLICE STATION |
| CRIME NO | I-60/2015 Dt. 04.06.2015 |
| Section - | Sections 447,323,504,506(2) & 114 of Indian Penal Code |
| Complainant | The State of Gujarat |
| REPRESENTED BY | Mr C.G.Patel - APP |
| ACCUSED | 1. ALPESHBHAI KANTIBHAI VASAVA<br>Resi. - AT.MAGANPURA TA.WAGHODIYA, DIST.VADODARA<br>2. RAMILABEN D/O VITHALBHAI MAHESHHAI VASAVA<br>Resi. KASHIPURA TA.DIST.VADODARA<br>3. SUMITRABEN D/O VITHALBHAI VASAVA<br>Resi. CHHAYDI, TA.KATHVAL DIST.KHEDA<br>4. REKHABEN W/O BHAILAL VITHALBHAI VASAVA<br>Resi. GHODADARA, TA.WAGHODIYA DIST.VADODARA<br>5. VISHNUBHAI BABUBHAI SUTHAR **(ABATED)**<br>Resi. CHHAYDI, TA.KATHVAL DIST.KHEDA |

| | |
|---|---|
| | 6. BHAVESHBHAI MAHESHBHAI VASAVA<br>Resi. KASHIPURA TA.DIST.VADODARA<br>7. MANJULABEN W/O BABUBHAI CHAGANBHAI SUTHAR<br>Resi. CHHAYDI, TA.KATHVAL DIST.KHEDA |
| **DEFENDED BY** | **Ld. Adv. Mr. M.M.VANKAR** |

## FORM - B

| | |
|---|---|
| Date of Ofence | From Dt. 01.06.2015 |
| Date of F . I . R | 04.06.2015 |
| Date of Charge Sheet | 15.06.2017 |
| Date of Framing of Charges | 07.09.2018 |
| Date of Commencement of Evidence | 17.08.2022 |
| Date of which Judgment is reserved | 7.10.2023 |
| Date of the Judgment | 14.10.2023 |
| Date of the Sentencing Order , if any | ------ |

## DETAILS OF ACCUSED.

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Ofences charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Under gone durring Trial for purpose of section 428 Cr . P . C |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ALPESHBHAI KANTIBHAI VASAVA | 8.6.15 | | Sections 447,323,504,506 (2) & 114 of IPC | Acquittal | | |
| 2 | RAMILABEN D/O VITHALBHAI MAHESHHAI VASAVA | | | | | | |
| 3 | UMITRABEN D/O VITHALBHAI VASAVA | | | | | | |
| 4 | REKHABEN W/O BHAILAL VITHALBHAI VASAVA | | | | | | |
| 5 | VISHNUBHAI BABUBHAI SUTHAR (ABATED) | 9.6.15 | | | | | |
| 6 | BHAVESHBHAI MAHESHBHAI VASAVA | | | | | | |
| 7 | MANJULABEN W/O BABUBHAI CHAGANBHAI SUTHAR | | | | | | |

## FORM - C

## LIST OF PROSECUTION / DEFFENCE / COURT WITNESSES

A. Prosecution.

| RANK | NAME OF WITMESSES | NATURE OF EVIDENCE ( EYE WITNESS , POLICE WITNESS , EXPERT WITNESS , MEDICAL WITNESSE , PUNCH WITNESS , OTHER WITNESS | ExH. |
|---|---|---|---|
| PW - 1 | કોકીલાબેન નરપતસિંહ બારીયા | ફરીયાદી | 36 |
| PW - 2 | મગનભાઈ છત્રસિંહ બારીયા | સાહેદ | 38 |
| PW - 3 | ચીમનભાઈ દિપાભાઈ વસાવા | સાહેદ | 39 |
| PW - 4 | મનહરભાઈ નટવરભાઈ પરમાર | સાહેદ | 47 |
| PW - 5 | નરપતસિંહ પ્રભાતસિંહ બારીયા | સાહેદ | 53 |
| PW -6 | કે.ડી.જાટ | તપાસ કરનાર અમલદાર | 56 |

B . Defence Witnesses , if any :

| RANK | NAME | NATURE OF EVIDENCE ( EYE WITNESS , POLICE WITNESS , EXPERTWITNESS , MEDICAL WITNESSE , PUNCH WITNESS , OTHER WITNESS |
|---|---|---|
| ------- NA ------- | | |

C . Court Witnesses , if any :

| RANK | NAME | NATURE OF EVIDENCE ( EYE WITNESS , POLICE WITNESS , EXPERTWITNESS , MEDICAL WITNESSE , PUNCH WITNESS , OTHER WITNESS |
|---|---|---|
| ------- NA ------- | | |

## LIST OF PROSECUTION / DEFFENCE / COURT EXIHIBITS .

### A . Prosecution .

| Sr No. | Ex.No. | Description |
|---|---|---|
| ૧. | Ex. 37<br>-------------<br>PW. 1 | ફરીયાદ |
| ૨. | Ex. 41<br>Admitted by Defence | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ (ખેતર) |
| ૨. | Ex. 42<br>Admitted by Defence | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ (મકાન આગળ) |
| ૩. | Ex. 43<br>Admitted by Defence | શરિર સ્થિતિ તથા રજુ કરેલ હથીચાર કબજે કર્યાનુ પંચનામુ |
| ૪. | Ex. 44<br>Admitted by Defence | શરિર સ્થિતિ તથા રજુ કરેલ હથીચાર કબજે કર્યાનુ પંચનામુ |

### B . Defence

------- NA -------

### C . Court Exihibits .

------- NA -------

### D . Material Objects .

| Sr No. | Material Number | Description |
|---|---|---|
| ૧. | | **મુદ્દામાલ પાવતી નં. ૬૬/૧૫, તા.૮/૬/૨૦૧૫**<br>૧. એક વાંસની લાકડી આશરે ૩ ફુટ |
| ૨. | | **મુદ્દામાલ પાવતી નં. ૬૭/૧૫, તા.૯/૬/૨૦૧૫**<br>૧. આરોપી વિષ્ણુએ રજુ કરેલ એક વાંસની લાકડી<br>૨. આરોપી ભાવેશે રજુ કરેલ એક વાંસની લાકડી |

# -: ચુકાદો :-

**પ્રસ્તાવના:-**

**૧.** આ કામના આરોપીઓ વિરુધ્ધ વાઘોડીયા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૬૦/૧૫ ના ગુન્હાના કામે ભારતીય દંડ સંહીતા-૧૮૬૦ (ટુંકમા ઈ.પી.કો.) ની કલમ-૩૨૩,૪૨૭,૫૦૪,૫૦૬(૨) તથા ૧૧૪ મુજબના સજાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ વાઘોડીયાના વિધ્વાન જયુડીશયલ મેજીસ્ટ્રેટ ફ.ક.શ્રી ની કોર્ટમાં પોલીસ તરફથી સાદર કરવામાં આવતા, જે ફોજદારી કેસ નં.૧૪૮૬/૨૦૧૬ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

**૨.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમા હકિકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૧/૬/૨૦૧૫ ના રોજ કલાક ૯:૦૦ વાગ્યાના સુમારે ફરીયાદીના સસરાએ મોજે ઘોડાદરા ગામે આવેલ સર્વે નં.૨૪ વાળી જમીન હીરાબેન વિઠઠલભાઈ વસાવાનાઓ પાસેથી ૩૦ વર્ષ ઉપર ૯૦ વર્ષના ભાડાપટ્ટાથી વીલ કરી જમીન રાખેલ અને ફરીયાદી ખેતી કરતાં હોય ઉપરોકત ખેતરમાં ટ્રેકટર લઈ ફરીયાદી તથા તેનો પતિ, સાહેદ નં.૭ નરપતસીંહ પ્રભાતસીંહ બારીયા નાઓ ગયેલ અને કપાસની વેણોની સફાઈ કરતાં હતા તે વખતે આરોપી નં.૧ થી ૩ તથા ૭ નાએ ફરીયાદીના કબજો ભોગવટાના ખેતરમાં પ્રવેશ કરી ખેતર અમારુ છે તેમ કહી, ગાળો બોલી આરોપી નં.૧ નાએ લાકડી વડે તથા આરોપી નં.૨,૩,૭ નાઓએ ફરીયાદી તથા સાહેદ નં.૭ ને માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ત્યારબાદ ફરીયાદી તથા સાહેદ પોતાના ઘરે જતાં રહેલા તે સમયે આરોપી નં.૪,૫,૬ નાઓ ફરીયાદીના ઘર આગળ જઈ ઝઘડો કેમ કરેલ છે તેમ કરી ગાળો બોલી સાહેદ મગનભાઈ ને છોડાવા પડતા આરોપી નં.૫,૬ નાઓએ લાકડી વડે માર મારી

તથા આરોપી નં.૪ નાએ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી એક બીજાની મદદગારી કરી ઈ.પી.કો.કલમ-૪૪૭,૩૨૩,૫૦૪,૫૦૬(૨) તથા ૧૧૪ મુજબનો ગુન્હો કરેલ છે.

**૩.** આ કામના ફરીયાદીએ વાઘોડીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા સદર ફરીયાદી ફ.ગુ.ર.નં.૬૦/૨૦૧૫ થી નોંધાયેલ છે. આ કામે તપાસ પુરી થયા બાદ વાઘોડીયાના જ્યુ. મેજી. ફ.ક.નાઓની કોર્ટમાં ઈ.પી.કો.કલમ-૪૪૭,૩૨૩,૫૦૪,૫૦૬(૨) તથા ૧૧૪ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ જે ફો.કેસ નં.૧૪૮૬/૨૦૧૬ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે. આક્ષેપિત ગુન્હાઓ સેશન્સ ટ્રાયેબલ હોવાના કારણે સદરહુ કેસ આગળની ઈન્સાફી કાર્યવાહી માટે અત્રેની સાવલીની અધિક સેશન્સ કોર્ટમાં કમીટ થતાં સેશન્સ કેસ નં.૧૦/૨૦૧૭ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

**૪.** આ કામના આરોપીઓને ક્રિ.પ્રો. કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના પેપર્સ વિના મુલ્યે પુરા પાડવામાં આવેલ અને આરોપીઓ વિરુધ્ધ આ ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવી શકાય તેટલા પુરતા પુરાવાઓ મળી આવતા આરોપીઓ વિરુધ્ધ ઉપરોકત ગુન્હાઓ અન્વયે આંક-૧૦ થી તહોમતનામુ ફરમાવી આંક-૧૧ થી આંક-૧૭ સુધી આરોપીઓનો જવાબ નોંધતાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરી તેઓ કેસની કાર્યવાહી આગળ ચલાવવા માંગે છે તેવું જણાવેલ છે. જેથી સદરહું કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૫.** **<u>આરોપીનુ વિશેષ નિવેદન :</u>**

આમ, ઉપર મુજબના પુરાવા ફરીયાદ પક્ષે પોતાની ફરીયાદ હકીકતના સમર્થન માં અત્રેની કોર્ટના મૂલ્યાંકન અર્થે રજૂ કર્યા છે, જયારે આંક-૫૭ થી વિધ્વાન

એ.પી.પી. શ્રીએ ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયેલ હોવાનું પુરસીસથી જાહેર કરેલ છે. રજૂ થયેલ પુરાવા સંબંધી આરોપીઓનું ક્રિ.પ્રો.કો.ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નીવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ મુખ્યત્વે પુરાવાની હકીકત ખોટી હોવાનુ જણાવે છે. તેઓએ વિશેષમાં એવુ જણાવેલ છે કે, ''આ કામે અમો સંપૂર્ણ નિર્દોષ હોઈ અમોને આ કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી છે''

**<u>મુદ્દા અને જવાબ:</u>**

**૬.** આ કામે કેસના આખરી ન્યાય નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–:: મુદ્દા ::–</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૧/૬/૨૦૧૫ ના રોજ કલાક ૯:૦૦ વાગ્યાના સુમારે ફરીયાદીના સસરાએ મોજે ઘોડાદરા ગામે આવેલ સર્વે નં.૨૪ વાળી જમીન હીરાબેન વિઠઠલભાઈ વસાવાનાઓ પાસેથી ૩૦ વર્ષ ઉપર ૯૦ વર્ષના ભાડાપટ્ટાથી વીલ કરી જમીન રાખેલ અને ફરીયાદી ખેતી કરતાં હોય ઉપરોકત ખેતરમાં ટ્રેકટર લઈ ફરીયાદી તથા તેનો પતિ, સાહેદ નં.૭ નરપતસીંહ પ્રભાતસીંહ બારીયા નાઓ ગયેલ અને કપાસની વેણોની સફાઈ કરતાં હતા તે વખતે આરોપી નં.૧ થી ૩ તથા ૭ નાએ ફરીયાદીના કબજો ભોગવટાના ખેતરમાં પ્રવેશ કરી ખેતર અમારુ છે તેમ કહી, ગાળો બોલી આરોપી નં.૧ નાએ લાકડી વડે તથા આરોપી નં.૨,૩,૭ નાઓએ ફરીયાદી તથા સાહેદ નં.૭ ને માર મારી જાનથી મારી

નાખવાની ધમકીઓ આપી ત્યારબાદ ફરીયાદી તથા સાહેદ પોતાના ઘરે જતાં રહેલા તે સમયે આરોપી નં.૪,૫,૬ નાઓ ફરીયાદીના ઘર આગળ જઈ ઝઘડો કેમ કરેલ છે તેમ કરી ગાળો બોલી સાહેદ મગનભાઈ ને છોડાવા પડતા આરોપી નં.૫,૬ નાઓએ લાકડી વડે માર મારી તથા આરોપી નં.૪ નાએ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી એક બીજાની મદદગારી કરી ઈ.પી.કો.કલમ–૪૪૭, ૩૨૩, ૫૦૪,૫૦૬(૨) તથા ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

૭. આ કેસમાં ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.
(૨) આખરી હુકમ મુજબ

૮. ઉપરોકત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબ છે.

**–: કારણો :–**

**ફરીયાદ પક્ષનો રજૂ થયેલ પુરાવો :–**

૯. આ કામે ફરીયાદ પક્ષ તરફે રજૂ થયેલ પુરાવો તપાસવામાં આવે તો સર્વ પ્રથમ ફરીયાદ પક્ષ તરફે આ કામના સાહેદ નં.૧ મુળ ફરીયાદી કોકીલાબેન નરપતસિંહ બારીયા ને આંક–૩૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓએ ઘોડાદરા ગામમાં હીરાબેન વીઠઠલભાઈ વસાવાનુ ખેતર ભાડાપટ્ટે રાખેલ છે. જે ખેતરમાં તેઓ ખેતી કામ કરતા હતા. સને–૨૦૧૫ માં તે ખેતરમાં તેઓએ કપાસનુ વાવેતર કરેલ હતું. તેઓ તથા તેમના પતિ કપાસની વેણો ફાંસવા ટ્રેકટર લઈને ખેતરમાં ગયેલ તે સમયે આ કામના આરોપીઓ

બધા સાથે આવેલા અને તેઓની સાથે બોલચાલી થયેલી અને જેથી તેઓએ તે સમયે ઉશ્કેરાટમાં આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ આપેલી. તેઓને ફરીયાદ બતાવવામાં આવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૩૭ થી રજુ કરેલ છે. તેઓને મુદ્દામાલ બતાવવામાં આવે તો તેઓની હાજરીમાં કોઈ મુદ્દામાલ જમા લેવામાં આવેલ ન હોઈ તેઓ ઓળખી શકે નહી. બનાવ સમયે આરોપીઓ તરીકે કોણ કોણ હતા તે તેઓ ઓળખી શકે નહી.

**૯.૧** આમ સદર સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોઈ સદર સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રીએ કોર્ટની પરવાનગી મેળવીને ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવા છતા પણ આ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારક કોઈ હકીકત જણાવેલ નથી.

**૯.૨** સદર સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ મુજબનો કોઈ બનાવ બનેલ નથી. આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ હતી. આરોપીઓ તેઓને કોઈ અપશબ્દો બોલેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. તેઓને દિવાની રાહે તકરાર ચાલે છે તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય કશુ બનેલ નથી.

**૧૦.** ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદ નં.ર મગનભાઈ છત્રસિંહ બારીયા ને આંક–૩૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી તેઓના ભાઈની પત્ની છે.

તેઓએ હીરાબેન વીઠઠલભાઈ વસાવાનુ ખેતર ભાડાપટ્ટે રાખેલ છે. જે ખેતરમાં તેઓ ખેતી કામ કરતા હતા. સને–૨૦૧૫ માં તેઓએ કપાસનુ વાવેતર કરેલ હતું અને કોકીલાબેન તથા તેમના પતિ કપાસની વેણો ફાંસવા ટ્રેકટર લઈને ખેતરમાં ગયેલ તે સમયે આ કામના આરોપીઓ બધા સાથે આવેલા અને તેઓની સાથે બોલચાલી થયેલી અને કોકીલાબેને તે સમયે ઉશ્કેરાટમાં આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ આપેલી. પોલીસે તેઓનો જવાબ લીધેલો. બનાવ સમયે આરોપીઓ તરીકે કોણ કોણ હતા તે તેઓ ઓળખી શકે નહી.

**૧૦.૧** સદર સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ મુજબનો કોઈ બનાવ બનેલ નથી. આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ હતી. આરોપીઓ તેઓને કોઈ અપશબ્દો બોલેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. તેઓને દિવાની રાહે તકરાર ચાલે છે તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય કશુ બનેલ નથી.

**૧૧.** ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદ નં.૩ ચીમનભાઈ દિપાભાઈ વસાવા ને આંક–૩૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી કોકીલાબેનના ખેતરમાં કામ કરવા તેઓ જાય છે. તેમણે હીરાબેન વિઠઠલભાઈ વસાવાનુ ખેતર ભાડાપટ્ટે રાખેલ છે. જે ખેતરમાં તેઓ ખેતી કામ કરતા હતા. સને–૨૦૧૫ માં તેઓએ કપાસનું વાવેતર કરેલ હતું બનાવ સમયે તે તથા તેમના પતિ કપાસની વેણો ફાંસવા ટ્રેકટર લઈને ખેતરમાં ગયેલ હતા અને તેઓ પણ ત્યાં કામ કરતા

હતા અને તે સમયે તમો આરોપીઓ સાથે તેઓની બોલચાલી થયેલ. તે સિવાય બીજુ કશુ બનેલ નથી. પોલીસે તેઓનો જવાબ લીધેલો. બનાવ સમયે આરોપીઓ તરીકે કોણ કોણ હતા તે તેઓ ઓળખી શકે નહી.

**૧૧.૧** આમ સદર સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોઈ સદર સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રીએ કોર્ટની પરવાનગી મેળવીને ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવા છતા પણ આ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારક કોઈ હકીકત જણાવેલ નથી.

**૧૧.૨** સદર સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, મારા મારીનો કોઈ બનાવ બનેલ નથી. આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ હતી. તે સિવાય કશુ બનેલ નથી.

**૧૨.** ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદ નં.૪ મનહરભાઈ નટવરભાઈ પરમાર ને આંક–૪૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ હિરાબેન વસાવાને પાડોશી તરીકે ઓળખે છે. તેમના ખેતરમાં જમીન વાવવા માટે કોઈ ઝઘડો થયેલ હોય તો તેઓને ખબર નથી. તેઓને તેમના ખેતરમાં કોઈ ઝગડાની અંગત માહિતી નથી.

**૧૨.૧** આમ સદર સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોઈ સદર સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રીએ કોર્ટની પરવાનગી મેળવીને ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબ

ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવા છતા પણ આ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારક કોઈ હકીકત જણાવેલ નથી.

**૧૨.૨** સદર સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ મુજબનો કોઈ બનાવ બનેલ નથી.

**૧૩.** ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદ નં.૫ નરપતસિંહ પ્રભાતસિંહ બારીયા ને આંક-૫૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ હિરાબેન વસાવાને પાડોશી તરીકે ઓળખે છે. તેમની દિકરીઓ સાથે જમીન વાવવા માટે સામાન્ય બોલાચાલી થયેલ હતી, તે સિવાય બીજુ કઈ બનેલ નથી.

**૧૩.૧** આમ સદર સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોઈ સદર સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રીએ કોર્ટની પરવાનગી મેળવીને ભારતીય પુરાવા ધારાની કલમ-૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવા છતા પણ આ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારક કોઈ હકીકત જણાવેલ નથી.

**૧૩.૨** સદર સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ મુજબનો કોઈ બનાવ બનેલ નથી.

**૧૪.** ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે આ કામના સાહેદ નં.૬ તપાસ કરનાર અમલદાર

કે.ડી.જાટ ને આંક–૫૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને–૨૦૧૫ ના જુન મહીનામાં તેઓ વાઘોડીયા પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.આઈ. તરીકે તેઓની ફરજ ઉપર હાજર હતા. તે દરમ્યાન તા.૪/૬/૨૦૧૫ ના રોજ કોકીલાબેન નરવતસીંહ બારીયા નાઓએ તેઓના પો.સ્ટે.માં આવી તેઓની પી.એસ.ઓ. રૂબરૂ ફરીયાદ હકિકત જાહેર કરેલ કે, બનાવના દિવસે તેઓ તથા તેમના પતિ ટ્રેક્ટર લઈને તેમના ખેતી કામકાજ કરવા ગયેલા તે સમયે આરોપી ત્યાં આવી ગયેલા અને ગમે તેમ ગાળો બોલી ખેતર અમારુ છે અમને સોંપી દો તેવી તકરાર લઈ ઝઘડો કરેલો તે બાબતની ફરીયાદની તપાસ તેઓના પી.એસ.ઓ. એ તેઓની તરફ મોકલી આપતા તેઓએ તપાસ સંભાળી લીધેલ. લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા, આ કામે ગુનાવાળી જગ્યાની વિઝીટ કરેલ અને પંચોના લખાવ્યા મુજબ ગુનાવાળી જગ્યાનું પંચોની હાજરીમાં પંચનામુ કરવામાં આવેલ અને રૂબરૂ તરીકે તેઓએ તેમાં સહી કરેલ. આરોપીઓ મળી આવતા શરીર સ્થીતીનું પંચનામુ કરી અટક કરવામાં આવેલ તથા ત્યારબાદ આરોપીઓએ ગુનામાં વાપરેલ હથીયાર બતાવતા પંચોના લખાવ્યા મુજબ પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ. આરોપીઓ વિરુઘ્ઘ ચાર્જશીટ કરવા જેટલા પુરાવા મળી આવેલ હોઈ કોર્ટમાં ચાર્જશીટ કરેલ. તેઓને કબજે લેવામાં આવેલ મુદ્દામાલ બતાવવામાં આવતા જે તેઓની હાજરીમાં કબજે લેવામાં આવેલ હોવાનુ ઓળખી બતાવે છે. તેઓને આંક–૩૭,૪૦,૪૧,૪૨,૪૩ અને ૪૪ થી રજુ થયેલ ફરીયાદ, યાદીઓ, પંચનામાં બતાવવામાં આવતા જે તેઓની તપાસના કામે સામેલ રાખેલ હોવાનુ ઓળખી બતાવે છે.

**૧૪.૧** સદર સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં

તેઓએ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, હાલના ફરીયાદી તથા આરોપી વચ્ચે જમીન સબંધી તકરારો હતી. તેઓએ એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓની તપાસના કામે તેઓએ પંચોની ગેરહાજરીમાં તેઓની તપાસને સમર્થન અનુરૂપ પંચનામા કરી પંચોની સહી મેળવી લીધેલ.

**<u>પક્ષકારોની દલીલો :-</u>**

**૧૫.** ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી સી.જી.પટેલ નાઓએ તેઓની દલીલોના સમર્થનમાં સર્વ પ્રથમ આ કામે આરોપીઓ વિરુધ્ધ જે આંક-૧૦ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. તેને વિગતવાર આ અદાલત સમક્ષ વાં ચેલ છે અને તેઓની એવી રજુઆત છે કે, ફરીયાદ પક્ષે આંક-૧૦ વાળુ તહોમતનામુ સાબીત કરવા માટે કુલ-૬ સાહેદોને સોગંદ ઉપર તપાસેલ છે અને જરૂરી તમામ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. વિધ્વાન એ.પી.પી.શ્રીએ વધુમાં એવી રજુઆત કરેલ છે કે, આ કામે આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો. કલમ-૪૪૭,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનો ગંભીર પ્રકારનો ગુન્હાનો આક્ષેપ છે. તે રીતે આરોપીઓએ ફરીયાદી તથા સાહેદને ગડદાપાટુનો માર મારી, ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાનુ ફરીયાદ પક્ષે પુરવાર કરેલ છે. આ કામે તપાસ કરનાર અમલદારે તપાસમાં આરોપીઓની હાલના ગુનામાં સંડોવણી હોવાનો પુરાવો આપેલ છે. આ કામે ફરીયાદપક્ષે મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી હાલના આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપોને પુરવાર કરેલ છે. જેથી હાલના કેસમાં ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા તથા તમામ સંજોગો ધ્યાને લઈ આરોપીઓને તકસીરવાન ઠરાવી સખતમાં સખત સજા કરવા જણાવેલ છે.

૧૬. આ કામના આરોપીઓ તર્ફે તેમના વિ.વ.શ્રી એમ.એમ.વણકર નાઓએ પોતાની રજુઆતમાં જણાવેલ છે કે, ફરીયાદ પક્ષે આરોપીઓએ ફરીયાદી તથા સાહેદને ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપેલાનો કોઈ પુરાવો રજુ થયેલ નથી. ફરીયાદપક્ષ આરોપીઓ સામેના ગુનાની આક્ષેપિત હકીકતો પુરવાર કરી શકેલ નથી અને ફકત રેકર્ડ ઉપર સામાન્ય બોલાચાલી થયેલ હોવાનુ આવેલ છે. તે રીતે માત્ર આવેશમાં આવી હાલની ફરીયાદ આપવામા આવેલ છે અને હાલના કામે તપાસવામાં આવેલ ફરીયાદી કે સાહેદો એ ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી તેવા સંજોગોમાં ફરીયાદ પક્ષે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તે મતલબનો પુરાવો રજુ થયેલ ન હોઈ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

<u>**ફરીયાદ પક્ષનો રજૂ થયેલ પુરાવો અને તેનુ મુલ્યાંકન**</u>

<u>**મુદ્દા નં.૧:–**</u>

૧૭. આરોપીઓ સામે જે તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે તે મુજબ આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.ની કલમ–૪૪૭,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનો આક્ષેપ છે. તે રીતે આ કામે ફરીયાદ પક્ષે સર્વ પ્રથમ પોતાનો કેસ સાબીત કરવા માટે સાહેદ નં.૧ ફરીયાદી કોકીલાબન બારીયાનો આંક–૩૬ થી પુરાવો રજુ થયેલ છે. તેઓનો પુરાવો જોતા આરોપીઓ સાથે તેઓને બોલાચાલી થયેલ અને જેથી તેઓએ ઉશ્કેરાટમાં ફરીયાદ આપેલ હોવાનુ તથા બનાવ સમયે આરોપીઓ તરીકે કોણ કોણ હતા તે તેઓ ઓળખી શકે નહી તેવી હકિકત જણાવે છે. આમ સદર ફરીયાદી સાહેદ ફરીયાદ પક્ષના કેસની હકિકતોને સમર્થન કરતા ન હોઈ ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલ જાહેર કર્યા બાદ વિગતવાર

ઉલટ તપાસ કરવા છતાં કોઈ સમર્થનકારી પુરાવો આપેલ નથી. જયારે બચાવ પક્ષની ઉલટ તપાસમાં એ હકિકત કબુલ રાખેલ છે કે, ફરીયાદ મુજબનો કોઈ બનેલ નથી, આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ અને ઉશ્કેરાટમાં ફરીયાદ આપેલ હોવાનુ જણાવે છે વધુમાં એ હકિકત પણ કબુલ રાખેલ છે કે, આરોપીઓએ તેઓને કોઈ અપશબ્દો બોલેલ નથી કે જાથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. તેઓને દિવાની રાહે તકરાર ચાલતી હોઈ તે બાબતે સામાનય બોલાચાલી થયેલ તે સિવાય કશુ બનેલ નથી. ત્યારબાદ ફરીયાદ પક્ષના સાહેદ નં.ર મગનભાઈ બારીયા આંક–૩૮ થી તથા સાહેદ નં.૩ ચીમનભાઈ વસાવા આંક–૩૯ નો પુરાવો રજુ થયેલ છે. તેઓએ તેમના મૌખીક પુરાવામાં ફરીયાદી અને આરોપીઓ વચ્ચે બોલાચાલી થયેલ હોવાનુ તથા બનાવ સમયે આરોપીઓ તરીકે કોણ કોણ હતા તે તેઓ ઓળખી શકે નહી તેવી હકિકત જણાવે છે. સદર સાહેદો પણ ફરીયાદ પક્ષના કેસની હકિકતોને સમર્થન કરતા ન હોઈ ફરીયાદ પક્ષે સાહેદ નં.૩ ને ફરી ગયેલા જાહેર કર્યા બાદ વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં કોઈ સમર્થનકારી પુરાવો આપેલ નથી. જયારે બચાવ પક્ષની ઉલટ તપાસમાં ફરીયાદ મુજબનો કોઈ બનાવ બનેલ નથી તથા આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોવાની હકિકત કબુલ રાખેલ છે. ત્યારબાદ સાહેદ નં.૪ મનહરભાઈ પરમાર આંક–૪૭ થી તથા સાહેદ નં.૫ નરપતસિંહ પ્રભાતસિંહ બારીયાનો પુરાવો આંક–૫૩ થી રજુ થયેલ છે. સદર બન્ને સાહેદો તેઓના સરતપાસના વિભાગમાં સામાન્ય બોલાચાલી થયેલ હતી તે સિવાય બીજુ કઈ બનેલ નહી હોવાની હકિકત જણાવે છે. સદર સાહેદો પણ ફરીયાદ પક્ષના કેસની હકિકતોને સમર્થન કરતા ન હોઈ ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કર્યા બાદ વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં કોઈ સમર્થનકારી પુરાવો આપેલ નથી. જયારે બચાવ પક્ષની ઉલટ તપાસમાં ફરીયાદ મુજબનો

કોઈ બનાવ બનેલ નહી હોવાની હકિકત કબુલ રાખેલ છે. ત્યારબાદ સાહેદ નં.૬ આંક-૫૬ વાળા તપાસ કરનાર અમલદાર કે.ડી.જાટ નો પુરાવો જોતા, આ ગુનાની તપાસ સંભાળેલાનું તેમજ આરોપીઓના શરીરસ્થિતિના પંચનામા તથા લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલાનું અને આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા પડતા આરોપીઓ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલાનું જણાવેલ છે. તેમજ પંચનામાં તેમની રૂબરૂના હોવાનું જણાવેલ છે પરંતુ તે પંચનામાઓને પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે કોઈ પંચ સાહેદોને આ કામે તપાસવામાં આવેલ નથી. આમ, આ કામે ઉપરોકત તપાસ કરનાર અમલદારે હાલનો ગુન્હો દાખલ થયા બાદ તેઓને તપાસ મળતા તે આધારે થયેલી તપાસની હકીકતો જણાવેલ છે, પરંતુ ફરીયાદ હકીકતને સાબિત કરવા માટે ફરીયાદી તથા અન્ય સ્વતંત્ર સાહેદોની જુબાનીથી સંપુણ પણે સમર્થન મળવું જરુરી છે, જે સમર્થન હાલના કેસમાં મળતું નથી. આ કામે ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા ખુદ ફરીયાદી અને અન્ય મહત્વના સાહેદો પણ ફરીયાદ પક્ષના કેસને કોઈ પણ રીતે સમર્થન કરતા નથી. આમ, ફરીયાદી અને સ્વતંત્ર સાહેદો બનાવ હકીકતને સમર્થનકારી કોઈ સીધો પુરાવો રજુ રાખતા ન હોઈ જેથી આ પોલીસ સાહેદોની જુબાની આ કેસના સંજોગો મુજબ આરોપીઓ સામેના આક્ષેપો સાબિત કરવામાં ફરીયાદપક્ષને મદદરૂપ નીવડી શકે તેમ નથી.

૧૮. આ કામે ઉપરોકત તમામ ચર્ચા કર્યા મુજબ ફરીયાદી તથા બીજા સાહેદોના મૌખિક પુરાવાથી આંક-૩૭ ની ફરીયાદ હકીકતથી વિરુધ્ધની હકીકતો રેકર્ડ ઉપર આવેલ હોઈ હાલના કામના આરોપીઓ સામેના આક્ષેપિત ગુના અંગેના મહત્વના આવશ્યક તત્વો ફરીયાદપક્ષે પુરવાર કરેલ ન હોવાનું અદાલત

માને છે. આ કામે ફરીયાદી અને મહત્વના સાહેદ ધ્વારા ફરીયાદ પક્ષના કેસને કોઈ પણ રીતે સમર્થન કરવામાં આવેલ નથી. આ ફરીયાદી અને સાહેદોને ફરી ગયેલા જાહેર કર્યા બાદ ફરીયાદ પક્ષે વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં પણ ફરીયાદ પક્ષ આ ફરીયાદી અને સાહેદોના પુરાવાથી તહોમતનામા મુજબની કોઈ હકિકત રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ હાલના આરોપીઓને હાલના ગુના સાથે સાંકળતો, સમર્થનકારી, સીધો અને વિશ્વસનીય કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. ફરીયાદપક્ષ રેકર્ડ ઉપરના પુરાવાના આધારે આરોપીઓ સામેનો પોતાનો કેસ કડીબધ્ધ રીતે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે અને ફકત ફરીયાદી તથા આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનુ રેકર્ડ ઉપર આવેલ છે. તેથી ઉપરોકત ચર્ચામાં નોધેલ તમામ સંજોગોને નજર સમક્ષ રાખી ફરીયાદપક્ષ આરોપીઓ સામેના આક્ષેપો શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. જેથી આરોપીઓને ઈ.પી.કો.ની કલમ–૪૪૭,૩૨૩,૫૦૬(૨),૫૦૪ તથા ૧૧૪ મુજબના ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવા યોગ્ય, વ્યાજબી અને ન્યાયીક જણાતું હોય તેમ ઠરાવી, **મુદ્દા નં.૧** નો નિર્ણય મારી ઉપરોકત ચર્ચા મુજબ "**નકારમાં**" આપું છું તેમજ **મુદ્દા નં.ર** અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) વાઘોડીયા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૬૦/૨૦૧૫ થી નોંધાયેલ ગુન્હાના કામના આરોપીઓ (૧) અલ્પેશભાઈ કાંતીભાઈ વસાવા, રહેવાસી : મગનપુરા, તા.વાઘોડીયા, જી.વડોદરા (૨) રમીલાબેન ડો.ઓ. વઠઠલભાઈ મહેશભાઈ વસાવા, રહેવાસી : કાશીપુરા, તા.જી.વડોદરા (૩) સુમિત્રાબેન ડો.ઓ. વિઠઠલભાઈ વસાવા, રહેવાસી : છાયડી, તા.કઠલાલ, જી.ખેડા (૪)

રેખાબેન વા.ઓ. ભાઈલાલ વિઠ્ઠલભાઈ વસાવા, રહેવાસી : ઘોડાદરા, તા.વાઘોડીયા, જી.વડોદરા (૫) ભાવેશભાઈ મહેશભાઈ વસાવા, રહે. કાશીપુરા, તા.જી.વડોદરા (૬) મંજુલાબેન વા.ઓ. બાબુભાઈ છગનભાઈ સુથાર, રહેવાસી : છાયડી, તા.કઠલાલ, જી.ખેડા નાઓને ઈ.પી.કો.ની કલમ–૪૪૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબના ગુનાના કામે ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૩૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આ કામે અપીલ થાય તો અપીલ કોર્ટ સમક્ષ હાજર રહેવા સંબંધે **પ્રત્યેક** આરોપીએ રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો છ માસ સુધીનો અત્રેની કોર્ટમાં આપવો.

(૩) અપીલ સમય બાદ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૧૪ મી, માહે–ઓકટોબર, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : વડોદરા @ સાવલી
તા.૧૪/૧૦/૨૦૨૩

(જે. એ. ઠકકર)
એડીશ્નલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ
વડોદરા @ સાવલી
Code No. GJ-00631

//S.M.MADARI / PA